# ‘60 વર્ષનો નિયમ કેમ?’ મનસુખ વસાવાએ નેતૃત્વને તીખો સવાલ પૂછ્યો

**લોકસભામાં** છૂટ અને સ્થાનિક સ્વરાજમાં ઉંમરનો બાધ કેમ?



ભરૂચઃ ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ પાર્ટીની ટિકિટ ફાળવણીની પ્રક્રિયા અને નેતૃત્વ દ્વારા નક્કી કરાયેલા માપદંડો સામે પહેલીવાર ખુલ્લેઆમ વિદ્રોહ વ્યક્ત કર્યો છે. તેમણે ચૂંટણી પૂર્વે એક ચોંકાવનારો દાવો કરતાં કહ્યું કે, આવી નીતિઓ ચાલુ રહી તો સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપ જ ભાજપને હરાવશે.

સાંસદ વસાવાએ કહ્યું, “60 વર્ષથી વધુ ઉંમરના કાર્યકર્તાઓને ટિકિટ ન આપવાનો પક્ષનો નિર્ણય યોગ્ય નથી. જેમણે જમીની સ્તરે લોહી-પરસેવો એક કર્યો છે, તેમને ઉંમરના નામે બાકાત રાખવા એ ગેરવાજબી અને અન્યાય છે.” તેમણે ઉમેર્યું કે પક્ષના કડક અને અણધાર્યા નિયમોથી પાયાના કાર્યકર્તાઓમાં ગહન નારાજગી વ્યાપી રહી છે, જે ચૂંટણી પરિણામો પર સીધી નકારાત્મક અસર કરશે. સાંસદે સવાલ ઉઠાવતાં કહ્યું કે, “લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓમાં આ નિયમો લાગુ નથી પડતા, તો પછી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં જ આવા નિયમો કેમ લાદવામાં આવે છે?” તેમણે સૂચન કર્યું કે જો કોઈ કાર્યકર્તાને ટિકિટ આપવી ન હોય તો તેની છ મહિના પહેલા સ્પષ્ટ જાણ કરી દેવી જોઈએ, જેથી કાર્યકર્તા માનસિક રીતે તૈયાર રહી શકે. નવા ચહેરાઓને તક આપવા અંગે વસાવાએ સ્પષ્ટતા કરી કે તેઓ પરિવર્તનના વિરોધી નથી, પરંતુ જૂના અને નિષ્ઠાવાન કાર્યકર્તાઓની અવગણના ન થવી જોઈએ. તેમણે પરિવારવાદના મુદ્દે પણ કહ્યું, “જો કોઈ પરિવાર વર્ષોથી સક્રિય રાજકારણમાં હોય અને જનતામાં લોકપ્રિય હોય, તો તેમને ટિકિટ આપવાથી વંચિત રાખવા એ લોકશાહીના મૂલ્યોની વિરુદ્ધ છે.”

### રાજકારણમાં ‘લોટરી’: 10મા નંબરનો ઉમેદવાર અચાનક રેસમાં અવ્વલ!

રાજનીતિમાં નસીબ જોર કરતું હોય છે. સૂત્રો દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં એક ઉમેદવારનું નામ શરૂઆતમાં ટોપ ટેનમાં ખૂબ નીચે હતું. જો કે, પાર્ટીના સ્થાનિક હાઈકમાન્ડે ખૂબ ઝીણવટભરી તપાસ બાદ તેમને મજબૂત ઉમેદવાર માની અવ્વલ નંબરે મૂકી દીધા છે. આ નિર્ણયથી રાજકીય વર્તુળો સ્તબ્ધ થઈ ગયાં છે.

# પીએચ.ડી.માં સ્કોલરશિપ અરજીની તારીખ લંબાવાઈ

**દર મહિને** રૂા. 15,000 અને વધારાના ખર્ચ માટે રૂા. 20,000ની સહાય માટે 20 એપ્રિલ સુધી અરજી થઇ શકશે

સુરતઃ રાજ્યના પીએચ.ડી. કરી રહેલા વિદ્યાર્થીઓને આર્થિક રીતે મજબૂત બનાવવા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

SHODH (સ્કીમ ઓફ ડેવલપિંગ હાઈ ક્વોલિટી રિસર્ચ) યોજના હેઠળ વર્ષ 2025-26 માટેની સ્કોલરશીપ અરજીની છેલ્લી તારીખ હવે વધારીને 20 એપ્રિલ કરવામાં આવી છે, જેના કારણે મોડા પડેલા વિદ્યાર્થીઓને વધુ એક તક મળી છે.

મૂળરૂપે 4 એપ્રિલ સુધી ચાલનારી અરજી પ્રક્રિયાને વિદ્યાર્થીઓના હિતમાં લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG) દ્વારા તમામ યુનિવર્સિટીઓને આ અંગે સત્તાવાર સૂચના પાઠવવામાં આવી છે. આ યોજના હેઠળ પસંદગી પામેલા સંશોધનાર્થીઓને દર મહિને 15,000ની ફેલોશિપ તેમજ વર્ષમાં એક વખત 20,000 અન્ય સંશોધન ખર્ચ માટે આપવામાં આવે છે. આમ, બે વર્ષના ગાળામાં એક વિદ્યાર્થીને કુલ અંદાજે 4 લાખ સુધીની આર્થિક સહાય મળે છે, જે સંશોધન કાર્યને ગતિ આપવા માટે મહત્વપૂર્ણ સાબિત થાય છે. અરજી કરનારા વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટી સ્તરે ઓરિજિનલ ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવવું ફરજિયાત રહેશે. નોડલ અધિકારીઓને 24 એપ્રિલ સુધીમાં તમામ ચકાસણી પ્રક્રિયા પૂર્ણ કરવાની સુચના આપવામાં આવી છે.

# રિંગ રોડની જાણીતી ચામુંડા હોટલ પાસે મધરાત્રે હિંસક હુમલો કરાયો

**કિન્નરોનું** ઉપરાણું લેવા જતાં બે મિત્રોને ચપ્પુ મારનાર ચાર સામે ગુનો

**ખટોદરા** પોલીસે ચાર આરોપીની ધરપકડ કરી

સુરતઃ રિંગરોડ જૂની સબ જેલ સામે આવેલી ચામુંડા હોટલ પાસે ચા-નાસ્તો કરવા રોકાયેલા પરિવારના સભ્યોને ઢોર માર મારી બે યુવકો પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કરાયો હોવાની ઘટના સામે આવી છે. કિન્નરોની મદદ કરવા બદલ હુમલો કરનારા ચારની પોલીસે ધરપકડ કરી છે.

ઉધના પટેલ નગર પાસે હેગડેવાર વસાહતમાં રહેતા રાકેશ એકનાથ મોહિતેના મિત્ર રાહુલની નવ મહિનાની પુત્રી રાત્રે અતિશય રડતી હતી.

બાળકીને શાંત પાડવા માટે રાહુલ, તેની પત્ની ઈશા, મિત્ર રાકેશ, અજય, દક્ષા અને નયન સહિતના સભ્યો બાઈક અને રિક્ષામાં રાત્રે ફરવા નીકળ્યા હતા. રાત્રે ૩:૩૦ વાગ્યાના સુમારે તેઓ રિંગરોડ પર જૂની સબ જેલ સામે આવેલી ચામુંડા હોટલ પર ચા-નાસ્તો કરવા ઉભા રહ્યા હતા. અહીં મનોજ ઉર્ફે મન્યો ચીરો, અક્ષય ઉર્ફે આદિ, વૈભવ અને પ્રણવ નામના ચાર શખ્સો ત્યાં હાજર કિન્નરોની મશ્કરી કરી રહ્યા હતા. કિન્નરોએ રાહુલની પત્ની પાસે મદદ માંગી ચાવી લાવી આપવા વિનંતી કરી હતી. જ્યારે રાહુલની પત્ની ચાવી લેવા ગઈ ત્યારે આરોપીઓએ ઉશ્કેરાઈને પૂછ્યું હતું કે, ‘કિન્નરો તમારા સગા થાય છે કે તમે એની મદદ કરો છો?’ આ બાબતે રાકેશ અને રાહુલે દરમિયાનગીરી કરી ગાળો આપવાની ના પાડતા ચારેય શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા. હુમલાખોર અક્ષય ઉર્ફે આદિએ ‘આજે તમને બતાવીએ કે અમે કોણ છીએ’ કહી રાકેશના પેટમાં ઉપરા-છાપરી ચપ્પુના ઘા મારી દીધા હતા. આ ઉપરાંત વચ્ચે પડેલા નયન પર પણ ચપ્પુથી હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. ઘટનાને પગલે લોહીલુહાણ હાલતમાં રાકેશ અને નયનને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા. ખટોદરા પોલીસે રાકેશની ફરિયાદના આધારે મનોજ ઉર્ફે મન્યો, અક્ષય, વૈભવ અને પ્રણવ વિરુદ્ધ હત્યાની કોશિશ હેઠળ ગુનો દાખલ કર્યો છે. સામા પક્ષે ચારેય યુવકોએ પણ મારામારીની ફરિયાદ નોંધાવી છે. જોકે, હુમલાની ગંભીરતા જોતા પોલીસે ચારેય આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

### હુમલાખોરોની સામી ફરિયાદ નોંધાઈ

રિંગરોડ પર થયેલા ચપ્પુથી જીવલેણ હુમલાના બનાવમાં હવે નવો વળાંક આવ્યો છે.હુમલામાં સામેલ આરોપીઓ પૈકી ડીંડોલી ખરવાસા રોડ સ્થિત પ્રિયંકા ટાઉનશીપમાં રહેતા મનોજ ઉર્ફે મન્યો રાજેન્દ્ર પાટીલ દ્વારા ખટોદરા પોલીસ સ્ટેશનમાં સામી ફરિયાદ નોંધાવવામાં આવી છે.ફરિયાદ મુજબ મનોજે રાકેશ ઉર્ફે બાલા અને અન્ય બે અજાણ્યા વ્યક્તિઓ સામે મારામારીનો આરોપ મૂક્યો છે. મનોજે પોતાની અરજીમાં કિન્નરો સાથેના ઝઘડાનો કોઈ ઉલ્લેખ કર્યો નથી, પરંતુ જણાવ્યું છે કે રાકેશે અચાનક ઉશ્કેરાઈ ગાળો આપી ઝઘડો શરૂ કર્યો હતો. ત્યારબાદ રાકેશ અને તેના સાથીઓએ ચારેય યુવકો પર હુમલો કર્યો હોવાનો આરોપ છે.પોલીસે બંને પક્ષોની ફરિયાદોને ધ્યાનમાં લઈ મારામારીનો ગુનો નોંધ્યો છે અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# કાપડ વેપારી સાથે છેતરપિંડી કરી દલાલ અને વેપારી રફુચક્કર

**પ્રતિષ્ઠિત** હોવાનું નાટક કરી સાડીનો જથ્થો પડાવી પેમેન્ટના નામે હાથ ઊંચા કરી દેતા આખરે પોલીસ ફરિયાદ

**મોટા** વરાછાના વેપારીને વિશ્વાસમાં લઈ નવરંગ બિલ્ડિંગના ઠગબાજોએ ખેલ પાડ્યો

સુરતઃ સલાબતપુરા પોલીસ મથકની હદમાં સાડીના એક વેપારી પાસેથી લાખો રૂપિયાનો માલ ખરીદ્યા બાદ તેના નાણાં ચૂકવવાના બદલે પલાયન થઈ જવાની ઘટના પ્રકાશમાં આવી છે દલાલ અને વેપારીએ મિલીભગત કરી વેપારીને શીશામાં ઉતાર્યા હતા. આ મામલે ભોગ બનનાર વેપારીએ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

મોટા વરાછા વિસ્તારમાં રહેતા તિલકભાઈ જશવંતભાઈ સોજીત્રા કાપડના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમની મુલાકાત ઉધના દરવાજા પાસે નવરંગ બિલ્ડિંગમાં ‘ઈન્ડીયન ટેક્ષટાઈલ હાઉસ’ના પ્રોપરાઈટર સુરેશકુમાર હોતુરામ નંદવાણી (ઉર્ફે સ્વામી પ્રકાશ આર્ય) અને દલાલ વિજયદાસ લક્ષ્મણદાસ સાથે થઈ હતી. આ બંને શખ્સોએ પોતાની જાતને માર્કેટના ખૂબ જ પ્રતિષ્ઠિત અને વિશ્વસનીય વેપારી તરીકે રજૂ કરી હતી. તિલકભાઈને વિશ્વાસમાં લીધા બાદ તેમણે તૈયાર સાડીના જથ્થાનો ઓર્ડર આપ્યો હતો. નવેમ્બર ૨૦૨૫ના ગાળામાં આ ઠગ જોડીએ અલગ-અલગ બિલો મારફતે કુલ રૂ. ૩,૨૩,૭૨૯ની કિંમતની સાડીઓ ખરીદી હતી. માલની ડિલિવરી લેતી વખતે તેમણે વાયદો કર્યો હતો કે નક્કી કરેલા સમયમર્યાદામાં તમામ પેમેન્ટ ચૂકવી દેવામાં આવશે. જોકે, પેમેન્ટનો સમય વીતી ગયા બાદ જ્યારે તિલકભાઈએ ઉઘરાણી શરૂ કરી ત્યારે ઠગ વેપારી અને દલાલે વાયદાઓ કરવા માંડ્યા હતા. અંતે નાણાં આપવાનો સ્પષ્ટ ઇનકાર કરી દેતા તિલકભાઈને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. સમગ્ર મામલે છેતરાયેલા વેપારી તિલકભાઈ સોજીત્રાએ આખરે કાયદાનો સહારો લીધો હતો. તેમણે સલાબતપુરા પોલીસ મથકમાં સુરેશકુમાર નંદવાણી અને દલાલ વિજયદાસ વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે ગુનો દાખલ કર્યો છે. માર્કેટમાં આ પ્રકારના ઠગ વેપારીઓ અને દલાલોથી સાવધ રહેવા માટે પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# પછાત વિસ્તારનો વિદ્યાર્થી સનદી અધિકારી બને તો સાચી સફળતા : HC

**રાજ્યની** આશ્રમ શાળાઓની હાલત પર હાઇકોર્ટની નારાજગી

અમદાવાદ : રાજ્યભરની આશ્રમ શાળાઓની કથળતી સ્થિતિ અને વ્યવસ્થાપન મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણીમાં હાઈકોર્ટે રાજ્યની કામગીરી સામે કડક ટકોર કરી હતી અને અનેક ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા હતા. હાઈકોર્ટે સરકારને સવાલ કર્યો હતો કે આશ્રમ શાળાઓ માટે સ્પષ્ટ અને કડક નિયમો કેમ ઘડવામાં આવતા નથી? “નિયમો હશે તો જ શૈક્ષણિક સંસ્થાઓ તેનું યોગ્ય પાલન કરશે,” એવી ટકોર પણ કરવામાં આવી હતી.

આશ્રમ શાળાઓને માત્ર નામ પૂરતી નહીં રાખવી જોઈએ, પરંતુ તેને સુવિધાસભર ‘રેસિડેન્શિયલ સ્કૂલ’ તરીકે વિકસાવવાની જરૂર છે. કોર્ટે સરકારને અરીસો બતાવતા કહ્યું કે, “ત્યારે જ સાચી સફળતા ગણાશે જ્યારે પછાત વિસ્તારનો વિદ્યાર્થી ભણીને સનદી અધિકારી (IAS/IPS) બને.”

સુનાવણી દરમિયાન અરજદાર પક્ષના સિનિયર એડવોકેટે આશ્રમ શાળાઓની પાયાની સમસ્યાઓ રજૂ કરી હતી. તેમાં શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફની અછત, વર્ષોથી યોગ્ય નિરીક્ષણનો અભાવ અને વિદ્યાર્થીઓને પૂરતું પૌષ્ટિક મધ્યાહન ભોજન ન મળવાનું ગંભીર મુદ્દા તરીકે ઉઠાવવામાં આવ્યા હતા. છેવાડાના સમાજના બાળકોને સારી સુવિધા અને પોષણ મળશે તો જ તેમના વાલીઓ તેમને ભણાવવા પ્રોત્સાહિત કરશે.

બંને પક્ષોની રજૂઆત સાંભળ્યા બાદ હાઈકોર્ટે રાજ્ય સરકાર અને અરજદારને આગામી ત્રણ સપ્તાહમાં વિગતવાર જવાબ રજૂ કરવાનો આદેશ આપ્યો છે. આ જવાબમાં આશ્રમ શાળાઓનું માળખું, જરૂરી સુવિધાઓ અને સુધારાની દિશામાં લેવાતા પગલાં અંગે સ્પષ્ટતા કરવાની રહેશે.

# સ્કોર્પિયોને મોપેડ અડી જતાં યુવક પર ચપ્પુથી હુમલો

**અણુવ્રત** દ્વાર પાસે બનેલી ઘટનાંમાં ચાર સામે વેસુ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો

સુરતઃ મોડી રાત્રે અણુવ્રત દ્વાર પાસે સ્કોર્પિયો કાર સાથે મોપેડ અડી જવાની સામાન્ય બાબતે ચાર અજાણ્યા શખ્સોએ મધ્યરાત્રિએ જાહેર રોડ પર આતંક મચાવ્યો હતો. કાર સવાર શખ્સોએ ડ્રાઈવર યુવકને ઘેરી લઈ ગાળાગાળી કરી ચપ્પુ વડે જીવલેણ હુમલો કર્યો હતો.ગંભીર રીતે ઘવાયેલા યુવકને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો છે,જ્યારે વેસુ પોલીસે સીસીટીવીના આધારે હુમલાખોરોની શોધખોળ હાથ ધરી છે.

સલાબતપુરા વિસ્તારમાં આવેલા જૂના માછીવાડ ખાતે રહેતા અને ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવતા ૩૫ વર્ષીય ઉમેશકુમાર અરવિંદભાઈ રાઠોડ ગત તા. ૦૭/૦૪/૨૦૨૬ના રોજ મોડી રાત્રે તેમના મિત્ર અજય રાઠોડની મોપેડ લઈને નીકળ્યા હતા.

તેમની સાથે મિત્ર હેમંત પ્રજાપતિ પણ સવાર હતો. રાત્રિના આશરે સાડા બાર વાગ્યાના સુમારે જ્યારે તેઓ વેસુ અણુવ્રત દ્વાર બ્રિજ નીચે રૂંગટા શોપિંગ સેન્ટર સામેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે એક કાળા કલરની સ્કોર્પિયો કારના બોનેટ અને બમ્પર સાથે ઉમેશકુમારની મોપેડ અડી ગઈ હતી.

જેથી કારમાં સવાર બે ઈસમ નીચે ઉતર્યા હતા અને ઉમેશકુમાર સાથે હિન્દીમાં ગાળાગાળી શરુ કરી હતી. એટલામાં જ કાર સવારના અન્ય બે સાગરીતો પણ ત્યાં ધસી આવ્યા હતા. આ પૈકીના બે શખ્સોએ પોતાની પાસે રહેલા ચપ્પુ કાઢી ઉમેશકુમારને શરીરના અલગ-અલગ ભાગે ઝીંકી દીધા હતા. જાહેર રોડ પર લોહીલુહાણ થયેલા ઉમેશકુમારે બૂમાબૂમ કરતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. લોકોનું ટોળું એકઠું થતા જ ચારેય હુમલાખોરો પોતાની સ્કોર્પિયો કાર લઈને અંધારામાં ફરાર થઈ ગયા હતા. ઉમેશ કુમારને સારવાર માટે પ્રથમ સિવિલ અને ત્યારબાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. વેસુ પોલીસે ચાર અજાણ્યા હુમલાખોરો વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ માટે ગુજરાત સજ્જ

# CWG ટીમની પ્રથમ મુલાકાત

**સીએમ** ભૂપેન્દ્ર પટેલે ‘ટાઈમ બાઉન્ડ’ આયોજનનો આપ્યો મંત્ર



ગાંધીનગર : ગુજરાત અને અમદાવાદમાં વર્ષ ૨૦૩૦માં યોજાનારી ઐતિહાસિક શતાબ્દી કોમનવેલ્થ ગેમ્સ (CWG-2030) ની પૂર્વતૈયારીઓના નિરીક્ષણ માટે કોમનવેલ્થ સ્પોર્ટ્સ ટીમ પ્રથમવાર ગુજરાતની સત્તાવાર મુલાકાતે આવી પહોંચી છે. કોમનવેલ્થ સ્પોર્ટ્સના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ રૂકરની અધ્યક્ષતામાં પાંચ સભ્યોના પ્રતિનિધિમંડળે ગાંધીનગર ખાતે સીએમ ભૂપેન્દ્ર પટેલ સાથે શુભેચ્છા મુલાકાત કરી પ્રવાસનો પ્રારંભ કર્યો હતો.

સીએમ ભૂપેન્દ્ર પટેલે આ બેઠક દરમિયાન જણાવ્યું હતું કે, પીએમ નરેન્દ્ર મોદીએ આપેલા ‘ટાઈમ બાઉન્ડ, ક્વોલિટેટિવ અને ઈફેક્ટિવ પ્લાનિંગ’ના મંત્ર સાથે ગુજરાત સરકાર ૨૦૩૦ની ગેમ્સને ભવ્યતાપૂર્વક પાર પાડવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે ખાતરી આપી હતી કે રાજ્ય સરકાર જરૂરી તમામ અત્યાધુનિક સુવિધાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઝડપથી પૂરું પાડશે.

કોમનવેલ્થ સ્પોર્ટ્સ ટીમના પ્રેસિડેન્ટ ડોનાલ્ડ રૂકર અને સીઈઓ કાટે સેડલીરે ગુજરાતના આતિથ્ય સત્કારની પ્રશંસા કરી હતી. તેમણે સીએમ ભૂપેન્દ્ર પટેલને ૨૩ જુલાઈ, ૨૦૨૬થી ગ્લાસગોમાં શરૂ થનારી કોમનવેલ્થ ગેમ્સ નિહાળવા અને ત્યાંના આયોજનના અભ્યાસ માટે સત્તાવાર નિમંત્રણ પાઠવ્યું હતું, જેનો મુખ્યમંત્રીએ સ્વીકાર કર્યો હતો. રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સાથે પણ કોમનવેલ્થ ટીમે મુલાકાત કરી ચર્ચાઓ કરી હતી. ૨૦૩૦ની ગેમ્સ માત્ર રમત-ગમત જ નહીં પરંતુ ગુજરાતની ‘કલ્ચરલ વાઈબ્રન્સી’ની પણ વિશ્વને અનુભૂતિ કરાવશે તેવો વિશ્વાસ ડોનાલ્ડ રૂકરે વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાનના વિઝનરી નેતૃત્વ હેઠળ રમત-ગમતને જે પ્રોત્સાહન મળી રહ્યું છે તેની ટીમે મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. ઈન્ડિયન ઓલિમ્પિક્સ એસોસિએશનના પદાધિકારીઓ સાથે આ ટીમ ૮ થી ૧૧ એપ્રિલ દરમિયાન ગુજરાતમાં રોકાણ કરવાની છે. આ દરમિયાન પ્રતિનિધિમંડળ નીચે મુજબના સ્થળોની મુલાકાત લઈ સાઈટ વિઝિટ કરશે

### આ સાઇટની વિઝિટ કરશે

- **અમદાવાદઃ** નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, વીર સાવરકર કોમ્પ્લેક્સ અને એકા એરેના
- **વડોદરાઃ** ક્રિકેટ સ્ટેડિયમ
- **એકતા નગર (સ્ટેચ્યુ ઓફ યુનિટી):** વિવિધ રમત-ગમતના સંભવિત સ્થળો

## ઉધનામાં સાડીના બંધ ગોડાઉનમાં આગ

ઉધના લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીનાં ખાતા નં.38માં સાડીનું ગોડાઉન આવ્યું છે. આજે સવારે 7:00 કલાકે ગોડાઉનમાં એકાએક આગ ભભૂકી ઊઠી હતી. આગ લાગવાને કારણે આજુબાજુના ખાતાવાળાઓ દોડી આવ્યા હતા, બાદમાં તેમણે ફાયર કંટ્રોલને તેની જાણ કરી હતી. ઉધના અને ભેસ્તાન ફાયર બ્રિગેડની ટીમ સ્થળ તુરંત જ ઉપર પહોંચી ગઈ હતી. ફાયર સબ ઓફિસર પ્રગ્નેશ પટેલે જણાવ્યું હતું કે, ફાયર ફાઈટરો જ્યારે સ્થળ ઉપર પહોંચ્યા હતા ત્યારે ગોડાઉન બંધ અવસ્થામાં હતું અને કોઈ સ્ટાફ હાજર ન હતો. આગ આખા ગોડાઉનમાં ફેલાઈ જવાને કારણે ધુમાડો પણ ખૂબ મોટા પ્રમાણમાં ઊઠ્યો બતો. બાદમાં ફાયર બ્રિગ્રેડની ટીમે સતત પાણીનો મારો ચલાવીને આગને ગણતરીની મિનિટોમાં જ કાબૂમાં કરી લીધી હતી. શોર્ટ સર્કિટ થવાને કારણે આગ લાગી હોવાનું કારણ સામે આવ્યું હતું. આગ પર કાબૂ તો મેળવી લેવાયો હતો પરંતુ લાખો રૂપિયાની સાડીનો જથ્થો સળગી ગયો હોવાની શક્યતા છે.

# હવે ‘લક્ઝુરિયસ ઝુલા’ GSTના રડારમાં આવ્યા

**ઉધના-**મગદલ્લામાં ઝુલા વેચતા વેપારીના ચાર સ્થળે જીએસટી વિભાગના દરોડાથી ફફડાટ

સુરતઃ શહેરનાં ફ્લેટો અને ઘરોની હાઈફાઈ લાઈફ સ્ટાઈલમાં ફેન્સી અને મોંઘા ઝુલા જીએસટી વિભાગની નજરે ચઢતાં સુરતમાં ઝુલા વેચનારા વેપારીને ત્યાં સાગમટે દરોડા પાડી હિસાબો તપાસતાં વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. સુરતમાં ૨૫ હજારથી લઈને પાંચ લાખ સુધીનાં ઝુલા વેચાય છે. જીએસટી વિભાગ દ્વારા શહેરના ઉધના મગદલ્લા વિસ્તારમાં મોટા ઝુલા વેપારીના ચાર ઠેકાણે એક સાથે તપાસ કરવામાં આવી રહી છે. જીએસટી વિભાગને શંકા છે કે આ વેપારીઓ મોંઘા ઝુલા જીએસટી ચૂકવ્યા વગર રોકડામાં ધંધો કરી રહ્યા છે. ઝુલા વેચાણ પર ૧૮ ટકા જીએસટી લાગુ હોવાનું જાણવા મળ્યું છે. આ વેપારીના હિસાબો ચેક કરવામાં આવી રહ્યા છે. બિલ વગર કેટલાં ઝુલા વેચવામાં આવ્યાં છે? જેની ગણતરી જીએસટી વિભાગ દ્વારા આંકવામાં આવી રહી છે. રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં કરોડોના ફ્લેટના સોદા પર જીએસટી વિભાગની નજર હતી, ત્યારે હવે હાઈફાઈ લાઈફસ્ટાઈલ માટે ફ્લેટમાં થતો ખર્ચ પણ વિભાગની નજરમાં છે. જેમાં આ ઝુલા જીએસટી વિભાગની નજરમાં આવી જતાં ઝુલા વેપારીઓ પર જીએસટી વિભાગે ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

## પાંડેસરામાં ટ્રકની અડફેટે કડોદરાના બાઈક સવારનું મોત

સુરતઃ પાંડેસરામાં ટ્રક ચાલકે અડફેટે લેતા કડોદરાના બાઈક ચાલકનું મોત નિપજ્યું હતું. મૂળ બિહારના વતની દિલીપ વિજયરામ ચંદ્રવંશી (35 વર્ષ) હાલ કડોદરા વિસ્તારમાં આવેલા બાલાજીનગરમાં રહેતો હતો અને મિલમાં નોકરી કરતો હતો. રવિવારે બપોરે તે પાંડેસરા ગણપતનગરમાં રહેતા મોટાભાઈના ઘરે આવ્યો હતો. ત્યારબાદ તે કડોદરા પરત ફરી રહ્યો હતો તે દરમિયાન પાંડેસરા-બમરોલી રોડ પર ટ્રક ચાલકે દિલીપની બાઈકને અડફેટે લીધી હતી. તેને સારવાર માટે સિવિલમાં ખસેડાયો હતો જ્યાં મંગળવારે તેનું મોત થયું હતું. આ કેસમાં પોલીસ અકસ્માત મોતનો ગુનો નોંધ્યો છે. પીએમની કાર્યવાહી બાદ મૃતદેહને પરિવરને સોંપવામાં આવ્યો હતો.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ડાંગ-વાંસદાના...

જણાવ્યું હતું કે, વાંસદા નેશનલ પાર્ક જેવા વિસ્તારોમાં આ પક્ષીની હાજરી એ ગૌરવની વાત છે, પરંતુ તે ખૂબ જ સંકોચાઈને રહેતું હોવાથી તેને જોવું દુર્લભ છે. જો વહેલી સવારે કે સાંજના સમયે શાંતિથી બર્ડ વોચિંગ કરવામાં આવે, તો જ આ પક્ષીના દર્શન થઈ શકે છે. તેમણે વધુમાં ઉમેર્યું કે આ પક્ષી માત્ર તેની સુંદરતા માટે જ નહીં, પરંતુ જંગલની ઈકોસિસ્ટમ અને પર્યાવરણના સંતુલન માટે પણ અત્યંત મહત્વનું છે.

### અંકલેશ્વરમાં ચાર...

હતા. મરઘીને આગળના ભાગે સામાન્ય બે મુખ્ય પગ હતા, જ્યારે પાછળના ભાગે વધુ બે પગ લટકતી સ્થિતિમાં જોવા મળ્યા હતા. આ અનોખી મરઘીની વાત વિસ્તારમાં ફેલાતા આસપાસના રહીશો અને દુકાનદારો મરઘીને જોવા માટે દુકાને ઊમટી પડ્યા હતા. આ મરઘી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી.

ચાંદભાઈ કુરેશીએ જણાવ્યું હતું કે તેઓ વર્ષોથી મરઘીનો વ્યવસાય કરી રહ્યા છે, પરંતુ પહેલીવાર ચાર પગ ધરાવતી મરઘી જોવા મળી છે. કુદરતની આ અનોખી કરામતને લઈને સ્થાનિકોમાં ચર્ચા જાગી છે.

### ખંભાતના વ્હોરા...

નં.(GJ 16 AW 3448)નું આગળનું ટાયર ફાટ્યું હતું. ટાયર ફાટવાના કારણે ટેમ્પો ચાલકે વાહન રસ્તાની વચ્ચે જ ઊભું રાખી દીધું હતું. પાછળથી પૂરઝડપે આવી રહેલી ઈકો કારના ચાલક હોજેફા એડનવાળાને અંધારામાં ઊભેલો ટેમ્પો દેખાયો ન હતો, પરિણામે કાર ટેમ્પોના પાછળના ભાગે જોરદાર રીતે ભટકાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

આ અકસ્માતમાં 39 વર્ષીય હાફેજા જોહિરભાઈ એડનવાળા, 45 વર્ષીય મુર્તુઝા યુસુફ અલી એડનવાળા, 48 વર્ષીય મુર્તુઝા જોએબ એડનવાલા અને 46 વર્ષીય મુનિરા મુર્તુઝા એડનવાળાનાં સ્થળ પર જ મોત થયાં હતાં. તપાસમાં બહાર આવ્યું છે કે, અકસ્માત પાછળ ટેમ્પો ચાલકની ઘોર બેદરકારી જવાબદાર હતી. એક્સપ્રેસ વેની ફર્સ્ટ લેન પર ટેમ્પો બ્રેકડાઉન થયો હોવા છતાં ચાલકે વાહન સાઈડમાં ખસેડવાની તસ્દી લીધી ન હતી. વધુમાં, તેણે ટેમ્પોની પાર્કિંગ લાઈટ ચાલુ કરી ન હતી કે રસ્તા પર કોઈ સુરક્ષા બેરિકેટ્સ કે સિગ્નલ મૂક્યાં ન હતાં. જો સામાન્ય સાવચેતી રાખવામાં આવી હોત તો આ મોટી દુર્ઘટના નિવારી શકાઈ હોત. ઘટનાની જાણ થતા જ પલસાણા પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને મૃતદેહોને પીએમ અર્થે ખસેડી ટેમ્પો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### 30 કિમી ઝડપે...

રહ્યું. વરસાદ ન વરસતા લોકોમાં થોડી નિરાશા પણ જોવા મળી હતી. શહેરમાં બુધવારે મહત્તમ તાપમાન 32.1 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગઈકાલ કરતા થોડું વધારે હતું. લઘુત્તમ તાપમાન પણ 1 ડિગ્રી વધીને 25.8 ડિગ્રી નોંધાયું હતું. બુધવારે ફુંકાયેલા પવન અને વાદળછાયા વાતાવરણને કારણે શહેરમાં પ્રિમાન્સૂન જેવા માહોલનો અહેસાસ થયો હતો. જો કે, વરસાદના અભાવે ગરમીમાં સંપૂર્ણ રાહત મળી નથી.

### સ્મીમેરમાં સિક્યોરિટી...

લઈ હોસ્પિટલનો મુખ્ય ગેટ બંધ કરી દીધો અને કાર ચાલકને પકડી પાડ્યો હતો. ત્યારબાદ માર્શલ, સિક્યુરિટી સુપરવાઈઝર અને સ્ટાફે તેને હોસ્પિટલના ડીન પાસે લઈ જઈ આખી ઘટનાની જાણ કરી હતી. ડીન સાથે વાતચીત દરમિયાન કાર ચાલક મેડિકલ કોલેજના વિદ્યાર્થીના પિતા હોવાનું સામે આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીના પિતાએ આવી ઘટના ફરી નહીં બનશે તેમ જણાવ્યું હતું.

આ મામલે ડીનએ જણાવ્યું કે, માત્ર પાર્કિંગ મામલે બોલાચાલી થઇ હતી. તેને નો પાર્કિંગમાં કાર મુકી હતી. સિક્યોરિટી તેને લઈને આવી ત્યારે તેને માફી માંગી નીકળી ગયો હતો. બહાર ખરેખર શુ થયું તે અંગે ડીનને પણ પુરી માહિતી આપવામાં આવી નહોતી.

# ડ્યૂટીમાં છૂટછાટ છતાં કાચા માલના ભાવ નહીં ઘટ્યા

**સરકારના** પગલાંથી તાત્કાલિક રાહતની આશા છતાં બજારમાં ઘટાડો ન દેખાયો

સુરતઃ કેન્દ્ર સરકારે કાચા માલ અને પેટ્રોકેમિકલ ઉત્પાદનો પર કસ્ટમ ડ્યૂટીમાં છૂટછાટ આપીને ઉદ્યોગોને રાહત આપવા પ્રયાસ કર્યો હોવા છતાં, બજારમાં કાચા માલના ભાવમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો નથી. ટેક્સટાઈલ ઉદ્યોગકારો અને વેપારીઓનું કહેવું છે કે આ છૂટછાટનો ફાયદો જમીન સ્તરે પૂરતો પહોંચ્યો નથી અને ઉત્પાદન ખર્ચ હજુ પણ ઊંચો જ રહ્યો છે.

ઉદ્યોગ વર્તુળોમાંથી મળતી માહિતી મુજબ, ડ્યૂટી છૂટછાટનો હેતુ આયાતી કાચા માલના ખર્ચમાં ઘટાડો લાવવાનો હતો, જેથી કેમિકલ, ટેક્સટાઈલ અને પ્લાસ્ટિક જેવા ક્ષેત્રોને રાહત મળે. જોકે વૈશ્વિક બજારમાં ચાલતી અનિશ્ચિતતા, ક્રૂડ ઓઈલના ભાવમાં ઉથલપાથલ અને સપ્લાય ચેઈન વિક્ષેપોને કારણે સ્થાનિક બજારમાં કિંમતો સ્થિર થઈ શકી નથી.

ટેક્સટાઈલ અને સંબંધિત ઉદ્યોગોના પ્રતિનિધિઓ જણાવે છે કે કાચા માલના ભાવમાં વધઘટ હવે માત્ર સ્થાનિક નીતિઓ પર આધારિત નથી. ડોલરની કિંમતમાં ફેરફાર, જીઓ-પોલિટિકલ તણાવ અને આંતરરાષ્ટ્રીય સપ્લાય પરિસ્થિતિઓ સીધી અસર કરે છે. પરિણામે, કસ્ટમ ડ્યૂટીમાં રાહત હોવા છતાં ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થતો નથી.

ઉદ્યોગકારોનું વધુમાં કહેવું છે કે કાચા માલના ભાવ વધે ત્યારે ઉત્પાદકો તરત જ ભાવ વધારી દે છે, પરંતુ ઘટાડાની સ્થિતિમાં ભાવ ઘટાડવામાં મોડું થાય છે. આ કારણે વણકર અને નાના ઉત્પાદકો પર નફાકારકતાનો ભારે દબાણ સર્જાયો છે.

ફેડરેશન ઓફ ગુજરાત વિવર્સ વેલ્ફેર એસોસિએશનના પ્રમુખ અશોક જીરાવાળા એ જણાવ્યું હતું કે મોંઘા ભાવના યાર્નને લીધે વિવર્સ એ સુરતમાં કારખાનાઓમા એક જ પાળી ચલાવવાનો નિર્ણય લીધો છે.આ પરિસ્થિતિને કારણે અનેક ઉત્પાદન એકમોએ ઉત્પાદન ઘટાડવું પડ્યું છે. કેટલીક યુનિટ્સ માત્ર એક શિફ્ટમાં ચાલી રહી છે, જ્યારે કેટલીકને અઠવાડિયામાં થોડા દિવસ બંધ રાખવાની ફરજ પડી રહી છે. કસ્ટમ ડ્યૂટીમાં છૂટછાટ છતાં કાચા માલના ઊંચા ભાવો ઉદ્યોગો માટે મોટી ચિંતા બની રહ્યા છે અને નજીકના સમયમાં સ્થિતિમાં સુધારો થવા અંગે અનિશ્ચિતતા યથાવત છે. હાલમાં એમ પણ ઉદ્યોગ નાજૂક સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો હોવાથી સરકાર રાહત માટે ડ્યૂટીમાં ફેરફાર કરી છે પરંતુ તેનો લાભ વિવર્સને મળતો નથી.

## ૧૪ વર્ષ પહેલાં અમરોલીમાં થયેલી હત્યા કેસમાં આરોપીનો છૂટકારો

સુરતઃ ૧૪ વર્ષ પહેલાં અમરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં મરણ જનાર ચંદનરામ બહેરા અવારનવાર પ્રતાપને રોકી ચપ્પુ મારવાની વાત કરી પગારના રૂપિયા ત્રણ હજાર પડાવી લીધા હતા. જેથી ૨૪/૧૨/૨૦૦૮ના રોજ પ્રતાપ, મિત્ર સંતોષ ઉર્ફે કાલિયા અને અન્યો સાથે મળી તેને દારૂ પીવા બોલાવી અમરોલી રઘુવીર સોસાયટીમાં ખાતેની મેસમાં લઈ જઇ હત્યા કરી નાંખી હતી. મોડી રાત્રે લાશ કોથળામાં નાંખી નવા કોસાડ રોડ ઉપર સૂર્યનગર સોસાયટીના પાછળના નાકે અવાવરુ જગ્યામાં કોથળો ફેંકી દીધો હતો. આ હત્યા બાદ પોલીસે આરોપી સંતોષ ઉર્ફે કાલીયાની ધરપકડ કરી હતી. આ કેસ આજે કોર્ટમાં ચાલી ગયો હતો. આ કેસમાં બચાવ પક્ષે વકીલ એમ.આર. પાંડે, ચેતન એમ. પાંડે અને પુલકિત શર્માએ દલીલો કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપી સંતોષને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.